સંકલિત બાળ સુરક્ષા યોજના
બાબત...
જિલ્લા કક્ષાની મેનપાવર
પસંદગી કરવાની સમિતિ.

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ઠરાવ ક્રમાંકઃજજઅ/૧૦૨૦૧૦/૫૩૧(૨)/છ
સચિવાલય, ગાંધીનગર.

તા.૨૪/૩/૨૦૧૧

// **આમુખ** //

સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકા મુજબ રાજયમાં સંકલિત બાળ સુરક્ષા યોજનાનો અમલ કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે જરૂરી માનવબળ કરાર આધારિત મેળવવાનું થાય છે. માનવબળ જિલ્લા કક્ષાએ કાર્યરત કરવાનું થાય છે અને તે માટે અને તે માટેની પસંદગી સમિતિ સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકામાં જણાવવામાં આવેલ છે. માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબની સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

// **ઠરાવ** //

ઉપરોકત બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે :-

❖ **જિલ્લા કક્ષાની સમિતિ** :-

સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ દરેક જિલ્લામાં ચાઈલ્ડ પ્રોટેકશન યુનીટની રચના કરવામાં આવેલ છે અને તેનું માનવબળ આ વિભાગના તા.૧૫.૯.૨૦૧૦ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા મેજીસ્ટ્રેટ | : ચેરમેન |
| ૨. | પ્રોગ્રામ મેનેજર (ચાઈલ્ડ પ્રોટેકશન)<br>*(સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીમાંથી)* | : સભ્ય |
| ૩. | પ્રોગ્રામ મેનેજર (એડોપ્શન, ફોસ્ટર કેર, સ્પોન્સરશીપ)<br>*(સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીમાંથી)* | : સભ્ય |

..૨...

| | | |
|---|---|---|
| ૪. | અધ્યક્ષ / સભ્ય, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ | : સભ્ય |
| ૫. | અધ્યક્ષ / સભ્ય, ચાઈલ્ડ વેલફેર કમિટિ | : સભ્ય |
| ૬. | ચાઈલ્ડ પ્રોટેકશન / ચાઈલ્ડ રાઈટસ / સોશ્યલ વેલફેરના એક નિષ્ણાંત વ્યકિત *(જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા પસંદગી કરવાની રહેશે.)* | : સભ્ય |

સંકલિત બાળ સુરક્ષા યોજના અનુસંધાને કામગીરી શરૂ કરવા માટે તાત્કાલિક માનવબળની પસંદગી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**( આઈ.એમ.કુરેશી )**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કલેકટરશ્રીઓ સર્વે.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ સર્વે. *(નિયામકશ્રી સમાજ સુરક્ષા ધ્વારા)*
- અધ્યક્ષશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ (સર્વે) ( " " " " )
- અધ્યક્ષશ્રી, ચાઈલ્ડ વેલફેર કમિટિ (સર્વે) ( " " " " )